# રોમે રોમે હું તારો થતો જાઉં છું

રોમે રોમે હું તારો થતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું (૩)

હવે પરવડે નહીં રહેવાનું. તારાથી દૂર
તારે રહેવાનું હૃદયમાં, હાજરાહજુર
હવે પરવડે નહીં રહેવાનું, તારાથી દૂર
તારે રહેવાનું હૃદયમાં, હાજરાહજુર
તારી નજરોમાં નજરાતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું
રોમે રોમે હું તારો થતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું ...

હવે જોડું નહીં નાતો હું, જગમાં કોઈથી
મને વ્હાલો તું, વ્હાલો તું, વ્હાલો સૌથી
હવે જોડું નહીં નાતો હું, જગમાં કોઈથી
મને વ્હાલો તું, વ્હાલો તું, વ્હાલો સૌથી
તારી યાદોમાં ખોવાતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું,
રોમે રોમે હું તારો થતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું......

હવે શરણું લીધું છે તો, સત રાખજે

તારા બાળને તારા, ચરણે રાખજે

હવે શરણું લીધું છે તો, સત્ રાખજે

તારા બાળને તારા, ચરણે રાખજે

વીતરાગી તારા થકી હું સોહાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું,

રોમે રોમે હું તારો થતો જાઉં છું, તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું,

તારા પ્રેમમાં પ્રભુજી હું ભીજાઉં છું ...... (3)

2017-06-30,
https://www.youtube.com/watch?v=TG0SLC2OwkI&feature=youtu.be